**Sahu Shriyans Prasad Jain Arts & Commerce College**
Dhrangadhra – 363310
(Gujarat)

Principal,
Dr. Pratik A. Dave

Affiliated with Saurashtra University, Rajkot
2(f) & 12(b) Certificate Dt. 17-03-1967

Ref. No. : ..............................

Date : 19-03-2025

# નોટીસ

આથી કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થી ભાઈઓ ને જાણ કરવામાં આવે છે કે આગામી એપ્રિલ અને મે મહિનામાં વેકેશન દરમિયાન સમયનો સદ્ ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ વ્યાવસાયિક ક્ષેત્રે પોતાની આગવી કારકિર્દીનું ઘડતર કરી શકે એવા શુભ આશયથી ઉદ્યોગ અને ખાણ વિભાગ, 'ગુજરાત સરકાર - ગાંધીનગર' દ્વારા સંચાલિત 'સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઇનીંગ ઇન્સ્ટિટ્યૂટ (SAPTI)' ધ્રાંગધ્રા ખાતે વેકેશન બેન્ચ નું આયોજન કરવામાં આવેલ છે. તાલીમમાં જોડાનાર વિદ્યાર્થીઓને અધ્યતન હોસ્ટેલ અને સ્વચ્છ-સુંદર કેન્ટીનની સુવિધા નિ:શુલ્ક આપવામાં આવે છે. જેમાં ચા-પાણી, નાસ્તા-ભોજન અને રહેવાની સંપૂર્ણ સુવિધા ગુજરાત સરકારશ્રી તરફથી તદ્દન વિનામૂલ્યે ઉપલબ્ધ છે. આ તાલીમ કોર્સમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થી ભાઈઓ એ તા. ૨૯-૦૩-૨૦૨૫ ને શનિવાર સુધીમાં પોતાના નામ પ્રોફે. ડો. જે. આર. ડાંગર સાહેબ પાસે નોંધાવી રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. કોર્સ અંગેની સંપૂર્ણ માહિતી આ નોટીસ સાથે જોડેલ સ્ટોન પાર્ક દ્વારા પ્રકાશિત પત્રિકામાં આપવામાં આવેલ છે.

Pri. Dr. Pratik A. Dave
S.S.P. Jain Arts & Commerce College
Dhrangadhara - 363310

Industries & Mines
Department
Government of Gujarat

STONE ARTISAN PARK TRAINING INSTITUTE

ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર-ગાંધીનગર દ્વારા સંચાલિત

# સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઈનીંગ ઇન્સ્ટીટયુટ(SAPTI)-ધ્રાંગધ્રા

**SAPTI ના શૈક્ષણિક તાલીમ કોર્સ:**

1. લેથ ઓપરેશન અને સ્ટોન પ્રોડક્ટ ડિઝાઇન-પ્રમાણપત્ર કોર્સ (સમયગાળો:3 મહિના)
2. CNC-કોમ્પ્યુટર ન્યુમેરિક કંટ્રોલ પ્રમાણપત્ર કોર્સ (સમયગાળો:3 મહિના)
3. સ્ટોન ક્રાફ્ટ અને ડિઝાઇન-પ્રમાણપત્ર કોર્સ (સમયગાળો:૦૬ મહિના)

➢ ઉક્ત તમામ કોર્સ માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત: ધોરણ ૦૮ પાસ, વય મર્યાદા: ૧૬ થી ૨૮ વર્ષ

4. સ્ટોન ક્રાફ્ટ અને ડિઝાઇન-પ્રમાણપત્ર કોર્સ (સમયગાળો:૨ વર્ષ)

➢ ઉક્ત તમામ કોર્સ માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત: ધોરણ ૧૦ પાસ, વય મર્યાદા: ૧૬ થી ૨૮ વર્ષ

**તાલીમની વિશેષતાઓ:**

- અદ્યતન માળખાકીય સુવિધાઓ સાથે શિલ્પકળા શીખવા માટેની વ્યવસાયિક તાલીમ
- પથ્થર/શિલ્પકળાનો નવીન, સર્જનાત્મક અને સ્વાવલંબી ડિઝાઈન આધારિત રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમ
- સંપૂર્ણપણે નિઃશુલ્ક નિવાસી તાલીમ કાર્યક્રમ
- પથ્થરકળા/શિલ્પકળા તથા ડીઝાઈન ક્ષેત્રના અનુભવી ફેકલ્ટી અને નિષ્ણાંતો દ્વારા તાલીમ
- થિયરી, ડ્રોઈંગ, ડિઝાઈનીંગથી લઈને વિધિવત રીતે પથ્થરકળાની શૈક્ષણિક તાલીમ
- પારંપરિક પથ્થર કોતરણી, હાથ વડે સંચાલિત પાવર ટુલ્સ, લેથ ટર્નીંગ, વગેરેમાં નિપુણતા પ્રાપ્ત કરવાની તક
- સ્ટોન ક્રાફ્ટ અને ડીઝાઈનના ૨ વર્ષ વાળા કોર્ષમાં CNC કટ મશીનની પણ તાલીમ
- તાલીમાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટે લાઈફ સ્કીલ્સ-કમ્યુનિકેશન સ્કીલની પણ તાલીમ
- પથ્થરકળા ઉદ્યોગમાં ઇન્ટર્નશીપ અને રોજગારીનો અવસર તેમજ સ્વાવલંબી ઉદ્યોગ સાહસિક બનવા માટે પ્રોત્સાહન
- પ્રવેશ માટે સરળ નોંધણી પ્રક્રિયા
- તાલીમ પૂર્ણ કરવા પર સરકાર માન્ય પ્રમાણપત્ર

**પ્રદાન કરવામાં આવતી સુવિધાઓ (નિઃશુલ્ક):**

✓રહેવા માટે હોસ્ટેલ અને કેન્ટીનની સુવિધા

✓ આધુનિક સુવિધાસભર વર્ગખંડો, વર્કશોપ્સ, કોતરકામ માટે ખુલ્લી જગ્યા, કોમ્પ્યુટર લેબ, લાયબ્રેરી, ડિસ્પ્લે ગેલેરી, વગેરે માળખાકીય સુવિધાઓ

✓ સંપૂર્ણ સલામતી કીટ, સ્ટેશનરી કીટ-શૈક્ષણિક કીટ અને તાલીમ માટે જરૂરી અન્ય સામગ્રી

✓ ઔદ્યોગિક પ્રવાસ અને અન્ય શૈક્ષણિક પ્રવાસો માટે બસની સુવિધા પણ ઉપલબ્ધ

✓રમતગમત, મનોરંજન અને સ્વ-વિકાસની સુવિધાઓ

**વધુ માહિતી અને નોંધણી માટે SAPTI કેન્દ્રની મુલાકાત લો:**

સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ-ધ્રાંગધ્રા
તા. ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર, ગુજરાત-363310

હળવદ બાયપાસ, રેલવે ક્રોસિંગ નં. 50 ની બાજુમાં,
સંપર્ક:૯૨૬૫૬૮૬૦૫૩(નીલેશ બરોલીયા -PO-PPD)

વેબસાઇટ: https://sapti.gujarat.gov.in

નોધ:સાપ્તી વિષે વધારે માહિતી માટે QR કોડ સ્કેન કરો